દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ
શનિવાર ૨૪ ઓક્ટોબર, ૨૦૨૬

# તિબેટ,ચીન-પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના ભૂકંપથી સમગ્ર ઉપખંડમાં ગભરાટ

એશિયાના ત્રણ મુખ્ય દેશો–ચીન, પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં શુક્રવારે સવારે અનુભવાયેલા ૪.૧ થી ૪.૯ ની તીવ્રતાના ભૂકંપના આંચકાઓએ સમગ્ર ઉપખંડમાં ચિંતાની નવી લહેર દોડાવી દીધી છે. રાષ્ટ્રીય સિસ્મોલોજી કેન્દ્રના અહેવાલો મુજબ આ ત્રણેય દેશોમાં ધરતી ધ્રૂજી ઉઠી છે, પરંતુ આ ઘટના પાછળનો મુખ્ય અને વિનાશક અધ્યાય તો તેના આગલા દિવસે એટલે કે ગુરુવારે તિબેટ ક્ષેત્રમાં ત્રાટકેલા ૭.૦ ની તીવ્રતાના અત્યંત શક્તિશાળી ભૂકંપ સાથે જોડાયેલો છે. આ ભયાનક કુદરતી આપત્તિએ માત્ર માનવજીવન જ નહીં, પરંતુ પ્રાદેશિક અર્થતંત્ર, માળખાકીય સુવિધાઓ અને ભૌગોલિક સ્થિરતા સામે પણ ગંભીર સવાલો ખડા કર્યા છે.

ચીન, પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને હિમાલયી પ્રદેશો (જેમાં તિબેટ પણ સામેલ છે) પૃથ્વીના સૌથી વધુ સિસ્મિકલી એક્ટિવ (સક્રિય) ઝોનમાં આવે છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિએ આ ક્ષેત્રો ટેક્ટોનિક પ્લેટોના મિલન બિંદુ પર વસેલા છેઃ ભારતીય ટેક્ટોનિક પ્લેટ ઉત્તર તરફ સરકી રહી છે અને તે યુરેશિયન પ્લેટ સાથે સતત ઘર્ષણ કરી રહી છે. આ પ્લેટોના ટકરાવને કારણે હિમાલય અને તિબેટના ઉચ્ચપ્રદેશોમાં સતત ઊર્જા સંગ્રહિત થતી રહે છે, જે સમયાંતરે મોટા ભૂકંપોના સ્વરૂપમાં ફાટે છે. તિબેટ અને ચીનના સરહદી વિસ્તારોમાં સદીઓથી આ પ્રકારના વિનાશક ભૂકંપોનો ઇતિહાસ રહ્યો છે. અફઘાનિસ્તાનનું હિન્દુકુશ પર્વતમાળા ક્ષેત્ર વિશ્વના સૌથી જટિલ અને સક્રિય ભૂકંપ ક્ષેત્રોમાં ગણાય છે. અહીં ઇન્ડિયન પ્લેટ, યુરેશિયન પ્લેટ અને અરબી પ્લેટનું ત્રિ-કોણીય દબાણ રહે છે, જેના કારણે પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં અવારનવાર મધ્યમથી લઈને ભારે તીવ્રતાના ભૂકંપ આવતા રહે છે.

પડોશી દેશો અને ઉત્તરીય સીમાઓ પર આવતા આ પ્રકારના મોટા ભૂકંપોની સીધી કે આડકતરી અસર ભારત પર પણ પડતી હોય છેઃ ભારતની ઉત્તરીય સરહદો પણ હિમાલયના સક્રિય ભૂકંપ ઝોન (ઝોન-૪ અને ઝોન-૫) અંતર્ગત આવે છે. તિબેટ અને ચીનમાં થતી ભૂસ્તરિય હલચલો ભારતના ઉત્તરીય રાજ્યો (જેમ કે જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને પૂર્વોત્તર રાજ્યો)માં જમીનની અંદર તણાવ પેદા કરે છે, જેનાથી ભારતમાં પણ મોટા ભૂકંપનું જોખમ હંમેશા તોળાતું રહે છે. તિબેટ અને હિમાલય ક્ષેત્રમાંથી ભારત તરફ વહેતી નદીઓ (જેમ કે બ્રહ્મપુત્રા અને સિંધુ નદીની સહાયક નદીઓ) પર ભૂકંપ કે ભૂસ્ખલનને કારણે મોટો કાટમાળ અથવા કુદરતી ડેમ બની જવાની શક્યતા રહે છે. જો આવા ડેમ અચાનક તૂટે તો ભારતના ઉત્તર-પૂર્વ અને સરહદી વિસ્તારોમાં અચાનક પૂર આવવાનું મોટું જોખમ ઊભું થાય છે. પડોશી દેશો સાથેના વ્યાપારિક માર્ગો અને પરિવહન પ્રભાવિત થવાથી ક્ષેત્રીય અર્થતંત્ર પર વિપરીત અસર પડે છે. આપત્તિના સમયમાં શરણાર્થીઓનું સ્થળાંતર અથવા સરહદી સુરક્ષા પર વધારાનું ભારણ પણ વધી શકે છે.

આ વર્તમાન ઘટનાઓ આપણને એ યાદ અપાવે છે કે માનવી કુદરતી શક્તિઓ સામે ગમે તેટલો ટેક્નોલોજીથી સજ્જ થઈ જાય, પરંતુ આપત્તિ વ્યવસ્થાપન હંમેશા પ્રાથમિકતા હોવું જોઈએ. ભૂકંપ પ્રભાવિત વિસ્તારોમાં હવે એવા મકાનો અને ઇમારતોનું નિર્માણ કરવું અનિવાર્ય છે જે સિસ્મિક-પ્રૂફ (ભૂકંપરોધક) હોય. નાગકૂ જેવા શહેરોમાં સેંકડો મકાનો ધરાશાયી થવા એ બતાવે છે કે હજુ પણ બાંધકામ ક્ષેત્રે સુરક્ષા ધોરણો કડક કરવાની જરૂર છે. આધુનિક આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને સેટેલાઇટ ટેક્નોલોજીની મદદથી ભૂકંપની પૂર્વ ચેતવણી આપતી સિસ્ટમ વિકસાવવી જોઈએ જેથી જાનમાલનું નુકસાન ઘટાડી શકાય. કુદરતી આપત્તિઓ કોઈ સરહદ કે દેશ જોઈને નથી આવતી. ચીન, પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને ભારતે મળીને પ્રાદેશિક સ્તરે સિસ્મોલોજીકલ ડેટા શેરિંગ અને આપત્તિ વ્યવસ્થાપન માટે સંયુક્ત મંચ મજબૂત કરવો સમયની માંગ છે.

# દક્ષિણમાં SIR સામે બોલકો વિરોધ

SIR મુદ્દે આખા દેશમાં વિપક્ષો દ્વારા આંદોલન ચાલી રહ્યું છે. જો કે, તેમાં કામચલાઉ વિરામ આવ્યો છે. પરંતુ રસપ્રદ વાત એ છે કે દક્ષિણ ભારતમાં, જ્યાં ભાજપનો વ્યાપ ઓછો છે, ત્યાં આ પ્રક્રિયાનો વિરોધ હવે વધુ બોલકો બની રહ્યો છે. એઆઈએડીએમકે અને ટીડીપીને છોડો તો દક્ષિણના મોટા ભાગના પક્ષો વિરોધમાં છે. પછી એ ડીએમકે હોય કે ટીવીકે. કોંગ્રેસ તો વિરોધમાં છે જ. અરે! ભાજપના એક વખતના પોસ્ટર બોય અન્નામલાઈ પણ SIRનો ખુલ્લેઆમ વિરોધ કરી રહ્યા છે.

જૂન 2026માં ભારતીય જનતા પાર્ટીમાંથી રાજીનામું આપનાર કે. અન્નામલાઈ હવે કેન્દ્ર સરકાર અને વિવિધ મુદ્દાઓ પર સવાલો પૂછી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે જો તમે સવાલો ઉઠાવો છો, તો તમને ‘વિદેશી એજન્ટ’ પર કરાર આપવામાં આવી શકે છે. જો કે, તમિલનાડુ ભાજપના પ્રવક્તા નારાયણન તિરુપતિએ જણાવ્યું હતું કે અન્નામલાઈ ભાજપમાં હતા ત્યારે તેઓ SIRનું પૂરું સમર્થન કરતા હતા. તેમણે પક્ષ સ્તરે SIRના કામની સમીક્ષા પણ કરી હતી અને વારંવાર કહ્યું હતું કે તમિલનાડુમાં મોટી સંખ્યામાં નકલી મતદારો છે.આ જ રીતે જગનમોહન રેડ્ડી પણ વિરોધમાં આવી ગયા છે. વાયએસઆર કોંગ્રેસ પાર્ટીના વડા અને આંધ્ર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી વાય. એસ. જગનમોહન રેડ્ડીએ જાહેર સભામાં સ્વીકાર્યું હતું કે કેન્દ્ર સરકારના કાયદાઓ અને ચૂંટણી પંચની પ્રક્રિયાઓને સમર્થન આપવું એ તેમની ભૂલ હતી. તેમણે કહ્યું હતું કે અગાઉ અમે સંસદમાં NDAના આ કાયદાઓ અને વ્યવસ્થાને સમર્થન આપ્યું હતું, પરંતુ આજે અમને એ સમર્થન આપવા બદલ અફસોસ થાય છે.

જગનમોહન રેડ્ડીએ આક્ષેપ કર્યો છે કે ‘સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન’ (SIR)ના નામે વિપક્ષી મતદારોનાં નામ મોટી સંખ્યામાં કાઢી નાખવામાં આવ્યાં છે. તેમણે કહ્યું કે ચૂંટણી કમિશનરોની નિમણૂક પ્રક્રિયામાં ફેરફાર કરવાના કાયદાને સમર્થન આપવું ખોટું હતું, કારણ કે હવે ચૂંટણી પંચ પર શાસક પક્ષનો અંકુશ વધી ગયો છે.

આ જ પાર્ટીના અન્ય નેતા વાય. વી. સુબ્બા રેડ્ડીએ પણ આ પ્રક્રિયા સામે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે આક્ષેપ કર્યો હતો કે મતદારયાદી સુધારણાની આ પ્રક્રિયા પારદર્શક નથી અને તેના કારણે યોગ્ય મતદારોનાં નામ પણ કમી થઈ જવાની શક્યતા રહે છે. આ સાથે જ, આંધ્ર પ્રદેશમાં મતદારયાદી સંબંધિત કામગીરીને લઈને તેમણે ચૂંટણી પંચ અને શાસક પક્ષ સામે ફરિયાદો પણ નોંધાવી છે.

તમિલનાડુમાં ટીવીકેની સરકાર છે અને પાર્ટીએ આરોપ લગાવ્યો છે કે આ પ્રક્રિયા હેઠળ મોટી સંખ્યામાં સામાન્ય અને ગરીબ મતદારોનાં નામ મતદારયાદીમાંથી મનસ્વી રીતે કાઢી નાખવામાં આવી રહ્યાં છે, જે બંધારણીય અધિકારોનું હનન છે. પક્ષ દ્વારા સુપ્રીમ કોર્ટમાં અરજી પણ કરવામાં આવી છે. તાજેતરમાં જ ટીવીકેએ વિપક્ષી દળો દ્વારા ચેન્નાઈ અને દેશના અન્ય વિસ્તારોમાં યોજાયેલાં વિરોધ પ્રદર્શનોમાં ભાગ લીધો હતો. આ મુદ્દે પાર્ટીએ ચૂંટણી પંચ તથા કેન્દ્ર સરકારની નીતિઓની આકરા શબ્દોમાં ટીકા કરી હતી.

તમિલનાડુના મુખ્યમંત્રી એમ. કે. સ્ટાલિન અને તેમની પાર્ટી ડીએમકેએ પણ SIRનો સામનો કરવા માટે આકરાં પગલાં લીધાં છે. ડીએમકે અને તેના સાથી પક્ષોએ સર્વપક્ષીય બેઠક બોલાવીને SIRના બીજા તબક્કાની પ્રક્રિયા રોકવા માટે સુપ્રીમ કોર્ટનાં દ્વાર ખટખટાવવાનો પ્રસ્તાવ પસાર કર્યો હતો.

ડીએમકેનું કહેવું છે કે સ્થાનિક સ્તરે યોગ્ય માહિતી આપ્યા વિના જ લાખો સામાન્ય નાગરિકોનાં નામ મતદારયાદીમાંથી કાઢી નાખવામાં આવ્યાં છે, જે બંધારણીય અધિકારો પર સીધો હુમલો છે.

કોંગ્રેસ અને ડાબેરી પક્ષો તો વિરોધમાં છે જ. તેલંગાણામાં મુખ્યમંત્રી રેવંત રેડ્ડીના નેતૃત્વ હેઠળ કોંગ્રેસ પાર્ટી દેશવ્યાપી વિપક્ષી વલણને અનુસરીને SIR પ્રક્રિયાનો વિરોધ કરી રહી છે. પૂર્વ મુખ્યમંત્રી કેસીઆરની પાર્ટી બીઆરએસે પણ મતદારયાદીમાંથી નામો ગાયબ થવાના આરોપ સાથે વિરોધ દર્શાવ્યો છે. કેરળની ડાબેરી સરકાર અને સત્તાધારી ગઠબંધને SIRને નાગરિકોના મતાધિકાર પરનો હુમલો ગણાવીને વિરોધ કર્યો છે. વિપક્ષી ગઠબંધન યુડીએફ પણ આક્રમક વલણ અપનાવી રહ્યું છે. કર્ણાટકમાં કોંગ્રેસ પણ SIR વિરુદ્ધ પ્રદર્શનો કરીને વિરોધ નોંધાવી રહી છે.

ટૂંકમાં કહીએ તો દક્ષિણ ભારતમાં

## રાજ્યોની વણઝાર

**કૌશિક મહેતા**

> **તમિલનાડુ ભાજપના પ્રવક્તા નારાયણન તિરુપતિએ જણાવ્યું હતું કે અન્નામલાઈ ભાજપમાં હતા ત્યારે તેઓ SIRનું પૂરું સમર્થન કરતા હતા**

ભાજપ, અન્નાડીએમકે (તમિલનાડુ) અને ટીડીપી (આંધ્રપ્રદેશ–ચંદ્રાબાબુ નાયડુ) જેવા પક્ષોને બાદ કરતાં મોટા ભાગના મુખ્ય પ્રાદેશિક અને રાષ્ટ્રીય વિપક્ષી દળો SIRનો આકરો વિરોધ કરી રહ્યા છે.

પંજાબમાં આવતા વર્ષે ચૂંટણી છે અને અહીં આમ આદમી પાર્ટી (AAP)ની સરકાર છે. ભગવંત માનની આગેવાની હેઠળની સરકાર સારું પ્રદર્શન કરી રહી છે. છેલ્લે સ્થાનિક ચૂંટણીઓમાં પણ આપે જ્વલંત વિજય મેળવ્યો હતો. આપની એક માત્ર આ રાજ્યમાં સરકાર છે અને કેજરીવાલ તેને જાળવી રાખવા માટે પ્રયત્નશીલ હોય એ સ્વાભાવિક છે. પરંતુ ભાજપ અને અકાલી દળ કઈ રીતે ચૂંટણી લડવા માગે છે, એ મહત્ત્વનું છે. હમણાં જ ગૃહમંત્રી અમિત શાહે પંજાબ પ્રવાસ દરમિયાન સ્પષ્ટ કહ્યું હતું કે ભાજપ એકલા હાથે ચૂંટણી લડીને સત્તા મેળવવા માગે છે. તો શું અહીં ચોપાંખિયો જંગ થશે?

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પંજાબમાં ભારતીય જનતા પાર્ટીનો આધાર મજબૂત કરવા અને આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને સક્રિયપણે પ્રચાર કરી રહ્યા છે અને રેલીઓ યોજી રહ્યા છે. શિરોમણી અકાલી દળ સાથેના ગઠબંધનની અટકળો વચ્ચે અમિત શાહે સ્પષ્ટ કર્યું છે કે ભાજપ પંજાબમાં પૂર્ણ બહુમતી સાથે પોતાની સરકાર બનાવવાના લક્ષ્ય સાથે ચૂંટણી લડશે. હજી થોડા સમય પહેલાં બંને પક્ષો વચ્ચે જોડાણ અને બેઠકોની વહેંચણી અંગે ચર્ચા ચાલી રહી હતી. એવામાં અમિત શાહની જાહેરાત સાવ જુદી જ દિશા સૂચવે છે. અકાલી દળ પણ ત્રણ ભાગમાં પ્રચારયાત્રા યોજવા માગે છે.

અમિત શાહ પંજાબમાં ડ્રગ્સની સમસ્યાને મુખ્ય મુદ્દો બનાવીને સતત આક્રમક પ્રચાર કરી રહ્યા છે. તેમણે 31 ડિસેમ્બર, 2029 સુધીમાં પંજાબને સંપૂર્ણપણે નશામુક્ત બનાવવાનો દાવો કર્યો છે. પંજાબની વર્તમાન આમ આદમી પાર્ટી (AAP) સરકાર પર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તથા ડ્રગ્સની ગંભીર સમસ્યાને લઈને તેઓ આકરા પ્રહારો કરી રહ્યા છે. પંજાબ પાકિસ્તાનની સરહદે આવેલું હોવાથી ડ્રોન દ્વારા થતી ઘૂસણખોરી તથા શસ્ત્રો અને ડ્રગ્સના સપ્લાયને રોકવા માટે કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવતા પ્રયાસોનો ઉલ્લેખ પણ તેઓ પોતાની સભાઓમાં કરી રહ્યા છે.

સવાલ એ છે કે ભાજપ એકલા હાથે ચૂંટણી લડી શકે એમ છે? તેની પાસે કોઈ મજબૂત સ્થાનિક ચહેરો પણ નથી. બીજી બાજુ, કોંગ્રેસ આક્રમક બની રહી છે. જો ભાજપ અને અકાલી દળ વચ્ચે જોડાણ નહીં થાય, તો ચોપાંખિયો જંગ થશે. આવી સ્થિતિમાં ચૂંટણીનાં પરિણામો આશ્ચર્યજનક આવી શકે છે.

*- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.*

## એક તાર વધુ



ગામમાં એક વૃદ્ધ વણકર સુંદર સાડીઓ બનાવતા હતા. તેમની સાડીઓમાં એક ખાસિયત હતીઃ દરેક સાડીમાં તેઓ કિનારી પાસે એક વધારાનો રંગીન તાર વણતા, જે તાર સામાન્ય રીતે કિનારીની અંદર છુપાયેલો રહેતો.

તેનો દીકરો હંમેશાં પૂછતો, ‘પિતાજી, આ તાર દેખાતો જ નથી. તો પછી તમે મહેનત શા માટે કરો છો? તેની શું જરૂર છે?’

વણકર હસીને કહેતા, “હજી તું વણાટ શીખી રહ્યો છે. સમય આવશે ત્યારે સમજાશે.”

મંદીના સમયમાં લોકો પાસે નવાં કપડાં ખરીદવા પૈસા નહોતા તેથી વણકરના ગ્રાહકો ઘટી ગયા. દીકરાએ કહ્યું, ‘‘હવે આપણે એક એક રૂપિયો બચાવવો જોઈએ. એ વધારાનો તાર વણવાનું બંધ કરી દઈએ.’’

**ચાર્જિંગ પોઈન્ટ**
**હેતા ભૂષણ**

વૃદ્ધે જવાબ આપ્યો નહીં. તેમણે દીકરાને એક વર્ષો જૂની સાડી આપી અને કહ્યું, ‘‘આ સાડી મેં તારી માતા માટે લગભગ ૩૫ વર્ષ પહેલાં વણી હતી. લે આને ધ્યાનથી તપાસ....’’

દીકરાએ સાડી ખેંચી, વાળી અને તેના છેડાને તપાસ્યો... પછી કિનારી પાસેથી ખેંચીને જોયું કે ફાટે છે કે નહીં ...સાડી ફાટી નહીં. કિનારી પાસેનો એક તાર બહાર આવ્યો. તેને સમજાઈ ગયું કે આ એક વધારાનો તાર કિનારીને વધુ મજબૂત બનાવતો હતો. સાડી વર્ષો સુધી વપરાય છતાં કિનારી સહેલાઈથી ઘસતી કે ઊખડતી નહોતી.

વૃદ્ધે કહ્યું, ‘‘ગ્રાહક કદાચ વધારાનો તાર જોતો નથી, પરંતુ તેની અસર અનુભવે છે. ગુણવત્તા દેખાવ કરતાં વધુ જરૂરી છે. લોકો આપણી સાડીઓ ખરીદવા દૂર દૂરથી આવે છે અને કહે છે તમારી સાડીઓ મોંઘી નથી, છતાં લાંબા સમય સુધી સાડી અકબંધ રહે છે એટલે તમારી સદીઓની ગુણવત્તા બહુ સારી છે.’’

દીકરાને વણાટમાં એક તાર વધુ અને બીજી નાની નાની બાબતોનું મહત્ત્વ સમજાયું. તેણે સાડીઓની મજબૂતી વધારવાની નવી રીતો શીખી અને ગ્રાહકોને કપડાં લાંબો સમય ટકે તે માટે માર્ગદર્શન આપ્યું.

તે હંમેશાં પોતાના પિતાની વાત યાદ રાખતોઃ ‘‘જે કામ દેખાય છે તે તારી ઓળખ બનાવે છે અને જે કામ દેખાતું નથી તે તારી વિશ્વસનીયતા બનાવે છે.’’

જીવનમાં જે કંઈ પણ કરો, દરેક કાર્યમાં એક વધુ તારની જેમ... એક ખાસ મહેનત અને એક પ્રયત્ન... ઉમેરશો ત્યારે એવું શ્રેષ્ઠ કાર્ય થશે જેની ગુણવત્તા વર્ષો સુધી અનુભવાશે.

# ‘શાસન પરિવર્તન’ : ઈન્દિરાથી મોદી-યુગ સુધી

હાલના સમયનો સૌથી ચર્ચિત શબ્દપ્રયોગ ‘શાસન પરિવર્તન’ (રિજિમ ચેન્જ) છે અને રાજકીય સંદર્ભમાં આ શબ્દપ્રયોગને લોકપ્રિય બનાવનાર શબ્દ ’શાસન’ છે. ‘શાસન’ શબ્દનો વાસ્તવિક અર્થ કે ગૂઢાર્થ ગમે તે હોય, પરંતુ હાલના રાજકીય માહોલમાં એવી ઘણી ષડયંત્રકારી થિયરીઓની ચર્ચા થઈ રહી છે, જેમાં એ સંકેત આપવામાં આવે છે કે, લોકશાહી રીતે ચૂંટાયેલી વર્તમાન સરકારને ઉથલાવી પાડવાનું કામ ચાલી રહ્યું છે. આમાં કંઈ નવું નથી. કારણ કે, ભૂતકાળમાં પણ સત્તાધારી અને વિપક્ષી બેંચો વચ્ચે અવરજવર કરતાં નેતાઓ દ્વારા આનો વારંવાર ઉપયોગ કરવામાં આવ્યો છે.

ભારત જેવા લોકશાહી દેશોમાં એક સ્થાપિત અને સમયની એરણ પર સિદ્ધ થયેલો સિદ્ધાંત એ છે કે, માત્ર જનતા જ સરકારોને ચૂંટી શકે છે અને મત આપીને સત્તા બહાર કરી શકે છે. તો પછી રાજકીય નેતાઓ કે સામાજિક કાર્યકરો દ્વારા મતદારયાદીઓની વિવાદાસ્પદ સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર)ની કામગીરી સામે વિરોધ કરતી વખતે ’શાસન પરિવર્તન’ વિશે વાત કરવા પર આટલો હોબાળો કેમ? આ એસઆઈઆર પર સત્તાધારી પક્ષની પસંદગીના મતદારોને ‘પસંદ’ કરવાનો આરોપ છે, જેને સરકાર (ભારતના ચૂંટણી પંચ સહિત) અને શાસક ભાજપ બંનેએ ફગાવી દીધો છે.

‘શાસન પરિવર્તન’ને લઈને કરવામાં આવેલી ટીપ્પણીઓને કારણે, ગાંધી, વિપક્ષી ગઠબંધનના અન્ય નેતાઓ, સીજેપી/અન્ય યુવા નેતાઓ અને સામાજિક કાર્યકર/વકીલ પ્રશાંત ભૂષણ ભાજપ અને પરોક્ષ રીતે સરકાર તરફથી ભારે રાજકીય પ્રતિક્રિયાનો સામનો કરી રહ્યા છે. ચૂંટણી પંચમાં બની રહેલી ઘટનાઓની આડમાં નરેન્દ્ર મોદી સરકારને નિશાન બનાવવા બદલ તેમનો રોષ તેમના પર વધુ કેન્દ્રિત છે.

શબ્દ ’રિજિમ’ (શાસન) અને શબ્દપ્રયોગ ‘શાસન પરિવર્તન’ ભાજપ માટે અચાનક સંભાળવો મુશ્કેલ કેમ બની ગયો છે? અથવા શું આ વિશ્વની ‘સૌથી શક્તિશાળી’ સરકાર/શાસક પક્ષ માટે અસુરક્ષાની ભાવના દર્શાવે છે?

‘રિજિમ’ શબ્દનો શબ્દકોશ મુજબનો અર્થ શું છે? આ દેશની રાજકીય શબ્દાવલિમાં આ કંઈ નવો શબ્દ નથી. જેનો તત્કાલીન વિપક્ષી નેતાઓમાં વધુ ઉપયોગ જોવા મળ્યો હતો, જેમાં તત્કાલીન ભારતીય જનસંઘ (બીજેએસ) અને હવે ભાજપના ટોચના નેતાઓ સામેલ છે, જેમણે તત્કાલીન વડાં પ્રધાન ઈન્દિરા ગાંધી પર તીખા પ્રહારો કર્યા હતા ખાસ કરીને 1975માં લાદવામાં આવેલી આંતરિક કટોકટી પર.

‘ઈન્દિરા શાસન’ (એટલે કે, શાસનનો તાનાશાહીપૂર્ણ અભિગમ) વિરુદ્ધ આ શક્તિશાળી વિપક્ષી બ્રિગેડનું નેતૃત્વ કોંગ્રેસ (ઓ)ના નેતા અને પાછળથી વડા પ્રધાન બનેલા મોરારજી દેસાઈ કરી રહ્યા હતા. તેમાં ટોચના બીજેએસ નેતા અટલબિહારી વાજપેયી અને એલ. કે. અડવાણી ઉપરાંત

## રાજધાનીના અંતરંગ

**અનિલ આનંદ**

> **વર્તમાન સંદર્ભમાં ‘શાસન પરિવર્તન’નો ઉલ્લેખ સત્તાધારી પક્ષને મદદ કરવાના ઈરાદાથી મતદારયાદીઓમાં ગેરરીતિ કરવાના આરોપોના પ્રકાશમાં આવ્યો છે**

જયપ્રકાશ નારાયણ (જેમણે ગાંધી વિરુદ્ધ આંદોલનનું નેતૃત્વ કર્યું હતું), અન્ય એક પૂર્વ વડા પ્રધાન ચૌધરી ચરણ સિંહ અને સમાજવાદી નેતા જ્યોર્જ ફર્નાન્ડિસ સામેલ હતા અને અન્ય ઘણાં લોકો જેમાં રાયબરેલીમાં ગાંધીને હરાવનારા પ્રભાવશાળી રાજ નારાયણ પણ સામેલ હતા.

એઆઈ પરિમાણો અનુસાર, ‘શાસન’નો અર્થ કોઈ દેશ, સંગઠન કે સંસ્થા પર શાસન કરવાની એક પ્રણાલી કે પદ્ધતિ અથવા હાલમાં સત્તા ધરાવતાં લોકોનું ચોક્કસ જૂથ. કેમ્બ્રિજ ડિક્શનરી તેને એક ચોક્કસ સરકાર અથવા સરકારની પ્રણાલી કે શાસન કરવાની પદ્ધતિ તરીકે વ્યાખ્યાયિત કરે છે. વિકિપીડિયા અનુસાર, રાષ્ટ્રીય રાજકારણના સંદર્ભમાં, તે સામાન્ય રીતે રાજકીય સંગઠનની એ સિસ્ટમને સંદર્ભિત કરે છે જે સાર્વજનિક પદ સુધી પહોંચવાની પ્રક્રિયા અને અધિકારીઓ દ્વારા ભોગવવામાં આવતી સત્તાની મર્યાદા નક્કી કરે છે.

આ વ્યાખ્યાઓના દાયરામાં અને ઈન્દિરા ગાંધી યુગના ઈતિહાસને જોતાં, શું કોઈ પણ રીતે ‘શાસન પરિવર્તન’ શબ્દપ્રયોગ ષડયંત્ર રચવાનો સંકેત આપે છે? એવું લાગતું નથી અને તેનાથી પણ વધીને નરેન્દ્ર મોદી સરકાર જેવા મજબૂત શાસનને એ વાતથી ડરવાની જરૂર નથી કે, જે વધુમાં વધુ આ શબ્દપ્રયોગનો રાજકીય ઉપયોગ હોઈ શકે છે. જો કોઈ ષડયંત્ર હોય તો તેને ખુલ્લું પાડવાની ક્ષમતા તેમની પાસે છે.

રાજકીય વૈજ્ઞાનિકો ઘણી વાર શાસનને એકેડેમિક અર્થમાં લોકશાહી, સરમુખત્યારશાહી અથવા હાઈબ્રિડ તરીકે વર્ગીકૃત કરે છે. જો કે, રોજિંદી ભાષામાં, ‘શાસન’નો મતલબ હંમેશાં એક એવી સરકાર હોય છે જે સરમુખત્યારશાહી અથવા અન્યાયી છે. આ શબ્દપ્રયોગોમાં કંઈ પણ અસંસદીય અથવા અસંવિધાનિક નથી, જેનો ઉપયોગ 1977-1975ના તબક્કા દરમિયાન તત્કાલીન વિપક્ષી નેતાઓ અને તેમના યુવા કાર્યકર્તાઓ દ્વારા ખૂબ જ યોગ્ય રીતે કરવામાં આવ્યો હતો, જે ક્યારેક શિષ્ટતાની સીમા પણ ઓળંગી જતો હતો.

વર્તમાન સંદર્ભમાં ’શાસન પરિવર્તન’નો ઉલ્લેખ સત્તાધારી પક્ષને મદદ કરવાના ઈરાદાથી મતદારયાદીઓમાં ગેરરીતિ કરવાના આરોપોના પ્રકાશમાં આવ્યો છે. સ્પષ્ટપણે, આ સંદર્ભ જનમત બનાવવા અને લોકોને એ ખાતરી આપવા માટે કરવામાં આવ્યો છે કે, તેમના મતોનું રક્ષણ માત્ર ’શાસન પરિવર્તન’ દ્વારા જ થઈ શકે છે. મુખ્ય બાબત એ છે કે જથ્થાબંધ નામો હટાવ્યા વિના અને કથિત મનસ્વી ઉમેરાઓ કર્યા વિનાની મતદારયાદીઓ હોવી જોઈએ, જે કોઈ પણ શંકાથી પર હોય.

ભાજપના વ્યૂહરચનાકારોએ ’શાસન પરિવર્તન’ની તકને બંને હાથે ઝડપી લીધી હોય તેવું લાગે છે. પાર્ટી પ્રમુખ નિતિન નવીને એક્સ પર એક પોસ્ટ દ્વારા મોરચો સંભાળ્યો હતો જેમાં લખ્યું હતું; ‘‘શાસન પરિવર્તન’ જેવા શબ્દોના ઉપયોગથી વિપક્ષનો અસલી એજન્ડા ખુલ્લો પડી ગયો છે... વિદેશી તાકાતો સાથે મળીને ભારતને અસ્થિર કરવાનો આ નાપાક પ્રયાસ ’અર્બન નક્સલ’ના એજન્ડાનો એક ભાગ છે. વિપક્ષની લડાઈ ચૂંટણી સુધારા અથવા દેશના યુવાનોના ભવિષ્ય માટે નથી... પરંતુ દેશમાં અરાજકતા ફેલાવીને કોઈ પણ ભોગે સત્તા હડપ કરવા માટે છે.’’

આ ‘શાસન પરિવર્તન’ એક નિષ્પક્ષ, સ્વતંત્ર અને ન્યાયી ચૂંટણી દ્વારા થયું હતું જેનું શ્રેય ઈન્દિરા ગાંધીને મળવો જોઈએ, ભલે તેમણે આંતરિક કટોકટી લાદવા દરમિયાન અતિરેક કર્યો હતો. એ સમયે ‘શાસન પરિવર્તન’ કોઈ ષડયંત્ર ન હતું અને આ શબ્દપ્રયોગ સરકારની નિષ્ફળતાઓ અને અન્ય મુદ્દાઓ સામે ચાલી રહેલા વર્તમાન આંદોલનમાં પણ આ જ શબ્દનો ઉપયોગ એ જ સંદર્ભમાં કરવામાં આવી રહ્યો છે.

વિપક્ષના ‘શાસન પરિવર્તન’ શબ્દપ્રયોગ પાછળ ‘અર્બન નક્સલ અને વિદેશી તાકાતો’ના સિન્ડ્રોમનો ઉપયોગ કરવાના ભાજપ પ્રમુખના દાવા સામે વિપક્ષ અને સીજેપી કાર્યકરો પોતાના સ્ટેન્ડ પર અડગ છે. રાહુલ ગાંધી અને વિપક્ષી ગઠબંધનના અન્ય નેતાઓ માને છે કે, તેમના વિરોધ અને ટીકાઓ બંધારણીય અધિકારો, લોકશાહી પ્રતિકાર અને સરકારી સંસ્થાઓ પર કથિત કબજા સામે લડવામાં મૂળ ધરાવે છે. તેમનું માનવું છે કે, શાંતિપૂર્ણ રીતે, એટલે કે મતદાન દ્વારા શાસન પરિવર્તન’ની વાત કરવામાં કશું પણ અસંવિધાનિક, ગેરકાયદેસર કે દેશવિરોધી નથી.

*- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.*

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## ક્રિકેટ ફાસ્ટ બનતું જાય છે

ક્રિકેટમાં હવે 200 રન પણ સુરક્ષિત નથી અને બેવડી સદી પણ વિજયની ખાતરી આપતી નથી! એક સમયે જે સ્કોરને વિજયનો મજબૂત પાયો ગણવામાં આવતો હતો, આજે એ જ સ્કોર હરીફ ટીમ માટે પડકાર નહીં, પરંતુ નવો લક્ષ્યાંક બની રહ્યો છે. રેકોર્ડ બને છે, થોડા જ સમયમાં તૂટે છે અને ક્રિકેટપ્રેમીઓ આશ્ચર્યચકિત થઈ જાય છે. આ બદલાતા ક્રિકેટ પાછળ લીગ ટુર્નામેન્ટની કેટલી અસર છે? આ પરિવર્તન પાછળ IPL જેવી લીગ ટુર્નામેન્ટનો ફાળો નોંધપાત્ર છે. વિવિધ દેશોના ખેલાડીઓ એક જ ટીમમાં રમે છે, એકબીજાની ટેકનિક શીખે છે અને નવી વ્યૂહરચનાઓ અપનાવે છે. યુવા ખેલાડીઓને અનુભવી આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ સાથે રમવાની તક મળે છે. દબાણની સ્થિતિમાં રમવું, ઓછા બોલમાં વધુ રન બનાવવા અને મુશ્કેલ લક્ષ્યાંકોનો પીછો કરવો તેમની રમતનો સ્વાભાવિક ભાગ બની જાય છે. આ અનુભવ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પણ ઉપયોગી બને છે. જોકે ક્રિકેટમાં વધતી આક્રમકતાનો અર્થ એ નથી કે બોલરોનું મહત્ત્વ ઘટી ગયું છે. ઊલટું, બેટ્સમેનોની આક્રમકતાની સામે બોલરોએ પણ યોર્કર, સ્લોવર બોલ, વિવિધ પ્રકારના સ્પિન અને ચોક્કસ લાઈન-લેન્થ જેવી કળાઓમાં સુધારો કરવો પડે છે. બેટ અને બોલ વચ્ચેનો આ સંઘર્ષ જ ક્રિકેટને રોમાંચક બનાવે છે. પરંતુ સતત મોટા સ્કોર અને ચોગ્ગા-છગ્ગાની અપેક્ષા વચ્ચે ટેસ્ટ ક્રિકેટની ધીરજ, ટેકનિક અને પરંપરાગત સૌંદર્ય પણ જળવાઈ રહેવું જોઈએ.

**સુરત** **- મુકેશ બી. મહેતા**

## બોગસ તબીબો

તાજેતરમાં સુરતના શ્રમિકોથી ભરપૂર એવા ઉધના - પાંડેસરા વિસ્તારમાં SOG અને આરોગ્ય વિભાગના સંયુક્ત દરોડામાં 16 જેટલા બોગસ તબીબો - ઊંટવૈદ્યો ઝડપાયા. આમાંથી કેટલાક તો અગાઉ પણ ઝડપાયા હતા. ધોરણ ૧૦ કે ૧૨ પાસ આ નકલી ડોક્ટરો ગરીબ દર્દીઓને એલોપેથીક દવાઓ, હાઈ-ડોઝ એન્ટીબાયોટીક્સ અને ગ્લુકોઝના બાટલા પણ ચડાવતા હતા. સુરતમાં તો ડિગ્રી વગર આખી હોસ્પિટલ ચાલતી હોવાના કિસ્સા પણ સામે આવ્યા છે. વસ્તીની ગીચતા, કાયદાકીય છટકબારીઓ અને ઢીલા વલણને કારણે આવા ઊંટવૈદ્યો - ગુનેગારો જામીન પર છૂટીને બેખોફ બની, ફરી ક્લિનિક શરૂ કરી દે છે. પરિણામ સ્વરૂપ દર્દી રોગથી મુક્ત થતો નથી, પરંતુ અસ્વચ્છ વાતાવરણ, અયોગ્ય સારવાર અને હાઈ-ડોઝથી દર્દીઓની કિડની-લિવર ફેલ થવા કે મૃત્યુના જોખમો વધે છે. આ સમસ્યા માત્ર સુરત પૂરતી મર્યાદિત નથી, ગુજરાતના અન્ય શહેરો અને ગ્રામ્ય વિસ્તારમાં પણ વધતાં-ઓછાં પ્રમાણમાં જોવા મળે છે, ત્યારે આવા તબીબો સામે બિન-જામીનપાત્ર કલમો હેઠળ કડક સજાની જોગવાઈ કરવી, સ્લમ અને ઔદ્યોગિક વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા નિયમિત સરપ્રાઈઝ ચેકિંગ કરવું, દરેક ક્લિનિક પર ક્યૂઆર કોડ (QR Code) દ્વારા ડિજિટલ વેરિફિકેશન ફરજિયાત બનાવવું તથા શ્રમિક વસાહતોમાં SMC કે સરકાર માન્ય દવાખાના શરૂ કરવા અને જનજાગૃતિ અભિયાન ચલાવવું જેવા કડક પગલાં સરકાર અને તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે લેવાય તે જનહિત માટે અનિવાર્ય છે.

**સુરત** **- મિતેશ પારેખ**

## ‘થેંક યુ યુનિવર્સ’

આભારની લાગણી તથા કૃતજ્ઞતાનો ભાવ પ્રત્યેક વ્યક્તિએ વ્યક્ત કરવો જરૂરી બની જાય છે, પછી એ પ્રભુ પ્રત્યે હોય કે કોઈ વ્યક્તિ પ્રત્યે. પ્રભુએ માનવીને જીવન જીવવા માટે અખૂટ જળસ્રોત, જમીન, સૂર્યપ્રકાશ, તંદુરસ્તી, આર્થિક સંપત્તિ, કુશાગ્ર બુદ્ધિશક્તિ, યાદશક્તિ વિ. અનેક અણમોલ ભેટો અર્પણ કરી છે. તો પ્રભુનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવો જ રહ્યો. પ્રાર્થનામાં આભારની લાગણી પ્રભુ પ્રત્યે વ્યક્ત થવી જ જોઈએ. તે ઉપરાંત કોઈ વ્યક્તિ આપણને મદદરૂપ નિવડે, આપણી પ્રગતિમાં સહકાર આપે, દુઃખના સમયે ઉચિત મદદ કરે, સાંત્વનાના બે શબ્દો કહે કે અન્ય રીતે નિઃસ્વાર્થ ભાવે મદદ કરે, એવી વ્યક્તિનો પણ આભાર અવશ્ય વ્યક્ત કરવો જ રહ્યો. અખિલ સૃષ્ટિ પ્રત્યે આભારની લાગણી તથા કૃતજ્ઞતાનો ભાવ માનવીને વધુ ક્રાંતિકારી બનાવે છે અને ઈચ્છિત વસ્તુની પ્રાપ્તિ પણ કરાવે છે. વર્તમાન સમયે આપણી પાસે જે કંઈ સુપ્રાપ્ય હોય, એના માટે આભારની લાગણી તથા કૃતજ્ઞતા વ્યક્ત કરવાથી ભવિષ્યમાં વધુ ઈચ્છિત ફળ પ્રાપ્ત કરી શકાય. માત્ર ‘થેંક યુ યુનિવર્સ’ કહેવાથી જ.

**સુરત** **- નેહા શાહ**

## રિજિમ ચેન્જ યા સત્તા પરિવર્તન

હાલમાં છપાઓમાં રિજિમ ચેન્જ યા ને સત્તા પરિવર્તનનો મુદ્દો આપણા વિપક્ષી નેતાઓ ધ્વારા તથા સી.જે.પી. ના કહેવાતા કાર્યકર્તાઓ ધ્વારા ચગાવાઈ રહ્યો છે. પહેલા સી. ઈ. સી.ના જ્ઞાનેશકુમારને ટાર્ગેટ બનાવવામાં આવ્યા હતા. હવે સત્તા પરિવર્તનની વાત થઈ રહી છે. કારણ કે, આ સરકાર વર્ષોથી રાજ કરી રહી છે અને વિપક્ષ વર્ષોથી સત્તા વિહીન છે. હવે તેઓ બરાબરના અકળાયા છે. આથી હવે તેમને સત્તા પરિવર્તન જોઈએ છે. પરંતુ આપણા વિપક્ષો પાસે કે સી.જે.પી પાસે એવો કોઈ ચહેરો છે જે આપણી પ્રજાના પ્રશ્નો હલ કરી નાખે. હાલની સરકાર જો લોકશાહી વિરુધ્ધની છે, તો અગાઉની સરકાર શું લોકશાહીને બચાવનાર હતી. ઈ.સ. ૧૯૭૬ની ઈમરજન્સી અને ૪૨મો બંધારણ સુધારો શું લોકશાહીનું હિત જાળવનાર હતો. બંધારણનો મનફાવે તેમ ઉપયોગ તો વર્ષોથી થતો આવ્યો છે. આજે આપણે વિદેશમાં પણ માથું ઊંચું રાખીને ફરી છીએ. આપણાં દેશનો વિકાસ પણ થઈ રહ્યો છે. બીજા દેશોમાં શું ચાલી રહ્યું છે. તે આપણે જોવાનું નથી. નેપાળ કે બાંગ્લાદેશના કે હવે યુરોપના દાખલાઓ આપીને આંદોલન ચલાવવું ગેર વ્યાજબી છે.

**નવસારી** **- હિતેન્દ્ર ટેલર**

## ડિજિટલ કંકોતરીથી સાવધાન

સુરતના સગરામપુરાના રહીશ જે પ્રોજેક્ટ ફાઈનાન્સ તરીકે નોકરી કરે છે તેમના મોબાઈલ પર આવેલી ડિજિટલ કંકોતરી એપીકે ફાઈલ બોલાવાની સાથે જ તેમના ખાતામાંથી મોટી રકમ ઊપડી ગઈ હતી. સમજ્યા વગર કોઈ પણ ડીજીટલ કંકોતરી ડાઉનલોડ કરવું ખૂબ જ જોખમી છે. તેમાં નાનપુરાના એસ.બી.આઈ. ખાતામાંથી પાંચ ડેબીટ વ્યવહારો દ્વારા રૂા. એક લાખની ઉચાપત થઈ હતી. આ અંગે જાણ કરતાં તપાસ ચાલુ થઈ છે. વોટ્સએપ ખાતેદારો કોઈ પણ એપ્સ ડાઉનલોડ કરતાં પહેલાં સો વાર વિચારે. સાઈબર ક્રાઈમ તેની ચરમસીમાએ છે.

**સુરત** **- રાજુ રાવલ**

## સામાજિક સદભાવના કેવી રીતે ઉજાગર થાય?

માનનીય વડાપ્રધાન જ્યારે ગુજરાત ના મુખ્યમંત્રી પદે બિરાજમાન હતા ત્યારે સદભાવના કાર્ય કમો યોજવામાં આવતા હતા. ખરેખર સામાજિક સદભાવના થી ફેર પડ્યો છે ખરો? ફક્ત ગુજરાત રાજ્યની વાત કરીએ તો અખબારો અને સોશિયલ મીડિયામાં વાયરલ થતા સમાચાર મુજબ સમાજના અમુક વર્ગો પ્રત્યેની માનસિકતા યથાવત છે. મોટા શહેરોનો વિકાસ થવાથી છેવાડા ના માનવીના રહેઠાણો શહેર ની મધ્યમા આવી ગયા. આજુબાજુ મોટા મોટા સિમેન્ટ કોંક્રેટ ના જંગલ ની હારમાળા ઊભી થઈ ગઈ એટલે છેવાડાના માનવી ને રહેવું મુશ્કેલ થઈ ગયું. એમના માટે બે જ વિકલ્પો રહ્યા ક્યાં વેચીને બીજે વસવાટ કરવો અન્યથા અન્યાય, અત્યાચાર સહન કરતા રહેવું. સામાજિક સદભાવના ને ઉજાગર કરવી હોય તો હવે આર્થિક સદભાવના વિકસાવવી પડે, ગામડા ઓ ની સ્થિતિ વિષે ચિંતિત મહાનુભવો તેમના વિચારો દ્વારા સમાજમાં જાગૃતિ ફેલાવવા નુ કાર્ય કરે છે છતા સમયાંતરે એવા બનાવો બનતા રહે છે કે ભોગ બનનાર ના મનમાં પ્રશ્ન ઊભો થાય કે શું તેઓ ખરેખર આઝાદી ના ફળ ભોગવી રહ્યાં છે? જે તે સમયે માનનીય મુખ્યમંત્રી નું સામાજિક સદભાવના યોજવાનું મિશન તો સારું જ હતું, કે સમાજમાં સામાજિક ભેદભાવ ઓછા થાય પરંતુ તેમ થવાને બદલે તેની માનસિકતા તો શહેરોમાં અને ગામડામાં યથાવત રહી. વંચિત સમાજના ૧ ટકા લોકો સામાન્ય પ્રવાહ મા ભળે એટલે આખો સમાજ સમૃદ્ધ થયો એમ માની ન શકાય સામાજિક સદભાવના નો આખા દેશમાં પ્રચાર, પ્રસાર કરવામાં આવે તો...?

**સુરત** **- ચન્દ્રકાન્ત રાણા**